MODEL PAPER

बोर्ड ऑफ सेकंडरी एज्युकेशन राजस्थान



Download PDF

aglasem.com

ઉચ્ચ માધ્યમિક પરીક્ષા મોડલ પ્રશ્નપત્ર -૨૦૨૪

વિષય :- ગુજરાતી સાહિત્ય

ધોરણ :- ૧૨ કુલ ગુણ :- ૮૦

સમય : ૩:૧૫ કલાક

પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :

GENERAL INSTRUCTION TO THE EXAMINEES :

(૧) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(૨) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(૩) દરેક પશ્નના જવાબ આપેલી પુસ્તીકામાં જ લખો.

(૪) જે પ્રશ્નપત્રમાં આંતરિક ખંડ છે તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(૫) પ્રત્યેક પ્રશ્નમાં માગ્યા પ્રમાણે ઉત્તર લખવાના છે.

(૬) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસરા છે.

ખંડ	પ્રશ્નોના પ્રકાર	પ્રશ્ન ક્રમાંક	પ્રશ્નોની સંખ્યાં	ગુણ દરેક પ્રશ્ન	કુલ ગુણભાર
ખંડ-અ (A)	બહુ વિકલ્પી પ્રશ્ન	૧(૧થી૧૫)	૧૫	૧	૧૫
	પ્રશ્ન રિકત સ્થાન પૂર્તિ	૨(૧થી૭)	૭	૧	૭
	અતિ લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન	૩(૧થી૧૦)	૧૦	૧	૧૦
ખંડ-બ (B)	લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન	૪ થી ૧૫	૧૨	૨	૨૪
ખંડ-ક(C)	દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત)	૧૬ થી ૧૯	૪	૩	૧૨
ખંડ-ઙ (D)	દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત)	૨૦ થી ૨૨	૩	૩+૪+૫	૧૨
યોગ			૫૧		૮૦

schools.aglasem.com

aglasem.com

વિભાગ : અ (A)

પ્રશ્ન : ૧ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

(૧) ગંગાસતી કોના વચનોમાં શૂરા થઇને ચાલવાની સલાહ આપે છે ? ૧
(અ) ગુરૂનાં (બ) માતાના (ક) પિતાના (ડ) સતગુરૂના
(૨) શેના કારણે વ્યકિત મેલોઘેલો રહે છે ? ૧
(અ) ધનના(બ) ભકિતના (ક) દવાના (ડ) જળના.
(૩) કવિ નર્મદના મતે શૂરવીરો શેના લોભી હોય છે ? ૧
(અ) યશના(બ) પૈસાના (ક) જમીજના (ડ) બંગલાના
(૪) કલ્યાણ કવિતામાં શેની કથા આવે છે. ૧
(અ) આત્માજ્ઞાની (બ) અમીર (ક) કલ્યાણની (ડ) ઇલાની
(૫) ''ચાલ ફરીએ '' કવિતાના કવિનું નામ શું છે ? ૧
(અ) ઉમાશંકર જોશી (બ) નિરંજન ભગત (ક) સુન્દરમ (ડ) બ.ક ઠાકોર
(૬) 'ચહેરો" વાર્તામાં કોના સંબંધને રજુ કરવામાં આવેલો છે ? ૧
(અ) મા-દિકરાના (બ) મા-દિકરીના (ક) પિતા-દિકરાના (ડ) પિતા-દિકરીના
(૭) આંગળી ઝાલીને એને દોરજે પત્ર કોને સંબોધાયો છે? ૧
(અ) જગતને (બ) રાજાને (ક) ખેડુતોને (ડ)સૈનિકોને
(૮) કંસારીને નાનપણ થી શું બનવાની ઇચ્છા હતી ? ૧
(અ) વેપારી (બ) કારીગર (ક) ખેડુત (ડ) લેખક
(૯) દવાખાનામાં આવેલા પતિ-પત્નીનું નામ શું હતું ? ૧
(અ) રેવતી-અમરો (બ) ગુલાબ-અમરો (ક)રેવતી-ડમરો (ડ)રેવતી-રાજુ
(૧૦) રાષ્ટ્ર રોગ પાઠમાં રાષ્ટ્ર રોગ કોને કહેવામાં આવ્યો છે ? ૧
(અ) કામચોરી(બ) નફાખોરી (ક) વ્યાજખોરી (ડ) બિમારી
(૧૧) ' તમે કાયર નથી ' વાકયનો પ્રકાર જણાવો ૧
(અ) નિષેધ વાકય (બ) વિધિવાકય (ક) ઉદ્ગારવાકય (ડ) પ્રશ્નવાકય
(૧૨) 'બપોર એક મોટુ શિકારી કુતરૂ છે.' વાકયનો અલંકાર ઓળખાવો ૧
(અ) વ્યતિરેક (બ) રૂપક (ક) ઉપમા (ડ) અતિરેક
(૧૩) નીચેના માથી સાચી જોડણી જણાવો. ૧
(અ) સહાનુભુતિ (બ) સહાનુભૂતી (ક) સહાનુભૂતી (ડ) સહાનુભૂતિ
(૧૪) 'મભનતતગાગા '' એ કયાં છંદનું બંધારણ છે ? ૧
(અ) મંદાક્રાંતા (બ) પૃથ્વી (ક) હરિણી (ડ) હરિગીત
(૧૫) '' આકાશ'' નો સામાનાર્થી શબ્દ કયો છે ? ૧
(અ) અનિલ (બ)અનલ (ક) ગગન (ડ) ગરલ

પ્રશ્ન : ૨ નીચે આપેલ ખાલી જગ્યા પુરો.
(૧) .....માણ, રે મન , મળે એટલું માણ ૧
(૨) ભરી લો શ્વાસમાં એની..... ૧
(૩) 'મીનુ' પાઠમાં મીનું .....નું નામ હતું ૧
(૪) ઘણા.....પહેલાના પ્રવાસની વાત છે. ૧
(૫) નવું.....શરૂ થતા જુલાઇમાં જ વર્ષાએ ફી ભરી હતી. ૧
(૬) '' પ્રાચીન '' નો વિરુધ્ધાર્થી શબ્દ ..... થાય છે. ૧
(૭) ''રાષ્ટ્રની પ્રજાની વળગેલો રોગ '' શબ્દને શબ્દસમુહ માટે એક શબ્દ.....છે ૧

પ્રશ્ન : ૩ માંગ્યા પ્રમાણે ઉત્તર લખો.
નીચેનો અપઠિત ગધાંશ વાચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો લખો.

'' વિધાર્થી''નું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિધાર્થીનો છે, શ્રધ્ધા વિના વિધા સંભવિત નથી, જ્ઞાનનો આરંભ શ્રધ્ધાથી થાય છે પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે, વિધાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે, જો વિધાર્થી સત્ય સંકલ્પ કરતો થઇ જાત પર કાબુ રાખવાનું છે જો વિધાર્થી સત્ય સંકલ્પ કરતો થઇ જાય તો વિશ્વની તાકાત તેને અટકાવી શકે નહીં. ત્રીજુ કર્તવ્ય સેવા ભાવનું છે. સેવા જ્ઞાન થી મહાભારતના યક્ષ પર્વમાં વૃધ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે' તે પ્રકારની કથા છે. વિધાર્થીનો ચોથો કર્તવ્ય સાવધાન રહેવાનું છે

schools.aglasem.com
aglasem.com

દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઇએ બુદ્ધિ સંકુચિત ન જોઇએ અને દિલ તથા દિમાગ વિશાળ રાખવા જોઇએ.

પ્રશ્નો - (૧) વિધાર્થીનો પ્રથમ કર્તવ્ય કયું છે ? ૧
(૨) જ્ઞાનનો આરંભ શેનાથી થાય છે ? ૧
(૩) વિધાર્થીનુ ચોથુ કર્તવ્ય કયું છે ? ૧
(૪) મહાભારતના યક્ષપર્વમાં કેવા પ્રકારની કથા છે ? ૧
(૫) આપેલા ગધખંડની યોગ્ય શીર્ષક આપો ૧

નીચેનો પઠિત ગધાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

'' કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી. એ રાજકુવરી હતી છતાં, નાનપણથી જ તેની ઇચ્છા ખેડૂત બનવાની હતી. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતા જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાનો હુકમ કર્યો રાજમહેલની બહાર જિંદગી કેવી મુશ્કેલ હોય છે તેનો અનુભવ થાય તેમ હું ઇચ્છું છું જેથી તેને કંઇક સમજ આવે તેમને ગુસ્સાથી કહ્યું એટલે કંસારીએ નાનપણથી એકઠા કરેલા બી બાંધી લીધા અને જંગલમાં રહેવા જતી રહી તેને ત્યાં એક નાનકડી ઝૂંપડી બાંધી અને નજીકના ખેતરોમાં બી વાવવાનું શરૂ કર્યું એ સખત મહેનતનું કામ હતું પણ કંસારીને તેમાં બિલાડી પોપટ અને કરોળિયો જેવા ત્રણ નવા મિત્રો મદદ કરતા હતા.

પ્રશ્નો- (૬) કંસારી ને કઇ ઇચ્છા હતી? ૧
(૭) રાજાએ શો હુકમ કર્યો ? ૧
(૮) કંસારી જંગલમાં શું લઇ ગઇ ? ૧
(૯) કંસારી ક્યાં અને શામાં રહેવા લાગી ? ૧
(૧૦) કંસારીને ખેતીકામમાં કોણ મદદ કરતા? ૧

વિભાગ બ (બી)

નીચેના પ્રશ્નોના બે ત્રણ વાક્યમાં ઉત્તર લખો

પ્રશ્ન- (૪) તડકાનું આગમન ક્યારે અને ક્યાંથી થાય છે ? ૨
પ્રશ્ન- (૫) તેજલીના દાદા ચોરે બેસીને જાહેરમાં શા માટે રડે છે ? ૨
પ્રશ્ન- (૬) કવિ આંખમાં શું શું ભરી લેવાની વાત કરે છે? ૨
પ્રશ્ન- (૭) માનવીને આખું જગત મળી ગયા ની લાગણી ક્યારે થાય છે ખ? ૨
પ્રશ્ન- (૮) તંત્રી નો કયા કારણોસર આડા પડવું અશક્ય બન્યું ? ૨
(૯) મમ્મી અનન્યા ને જ્યારે-ત્યારે ભણવાની વાત શા માટે કરે છે ? ૨
(૧૦) લેખક રાજસ્થાન ગયા ત્યારે તેમના મનમાં શું હતું ? ૨
(૧૧) જેસલમેર ના કિલ્લામાં કયા કયા મંદિરો આવેલા છે ? ૨
(૧૨) ઉપમા અથવા ઉત્પ્રેક્ષા અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણો લખો ૨
(૧૩) શિખરિણી છંદ નું ઉદાહરણ આપી સમજાવો ૨
(૧૪) નીચેના વાકયોને નિષેધવાકય બનાવો. ૨
(૧) બાપુજી ભૂખ્યા રહ્યા
(૨) હું તમારા પુત્રનો મિત્ર છું
(૧૫) નીચેના વાક્યો ને કર્મણિવાક્ય બનાવો ૨
(૧) એણે નિર્ણય લઇ લઇ લીધો
(૨) શિક્ષક ભણાવે છે.

વિભાગ- સ (સી)

નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો

પ્રશ્ન- (૧૬)કાવ્યના આધારે સાચા હરિજનના લક્ષણો વર્ણવો. ૩

અથવા

ગંગાસતી કોના વચનોમા વિશ્વાસ રાખવાનું કહે છે ? શાં માટે

પ્રશ્ન- (૧૭) ''ટ્રવ'' કાવ્યમાં વર્ણવાયેલું પૈસાનું મહત્વ જણાવો. ૩

અથવા

કલ્યાણ કાવ્ય નો ભાવાર્થ લખો

પ્રશ્ન- (૧૮) નવયુવકનો લશ્કરી સેવા પ્રત્યયનો પ્રેમ વર્ણવો ૩

અથવા

'મીનું' પાઠ ના આધારે પ્રાણી પ્રેમનું વર્ણન કરો.

પ્રશ્ન- (૧૯) રેવતી અમરો પૂજવા લાયક યુગલ છે એવું શા કારણે કહી શકાય ? ૩

અથવા

''રાષ્ટ્રરોગ'' પાઠ નો ભાવાર્થ લખો

વિભાગ- ૬ (ડી)

નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો

schools.aglasem.com
aglasem.com

પ્રશ્ન- (૨૦) નીચેની કાવ્યપંક્તિ નો વિચાર વિસ્તાર કરો ૩

''સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન સર્વત્ર પૂજ્યતે''

(અથવા)

''સુખ સમયે છકી નવ જવું, દુઃખમાં હિમત ના હારવી.

પ્રશ્ન : ૨૧ નીચેના આપેલા મુદ્દાઓના આધારે વાર્તા લખો. ૪

એક ગામડાના માણસનું શહેરમાં જવુ-મીઠાઇની દુકાને ઉભા રહેવું-લુચ્ચો દુકાનદાર – મીઠાઇની સુગંધ લીધી તેની કિંમત ચૂકવો – ગામડિયાની મુઝવણ – ડાહયા માણસની સલાહ – ખિસ્સાનું પરચૂરણ ખખડાવવું –પૈસા વસુલ કરીલો – દુકાનદાર ભોઠો પડવો – સાર.

(અથવા)

ચાર ચોર - ચોરી કરવા જવું - ધન મળવું- બે ચોરનુ મિઠાઇ ખાવાથી મોત -બે ચોરનુ કુવામાં પડવાથી મોત- સાર.

પ્રશ્ન : ૨૨ નીચે આપેલા વિષયમાંથી કોઇ એક વિષય ઉપર નિબંધ લખો ૫

(૧) માતૃપ્રેમ
(૨) હાય રે મોઘવારી
(૩) મારો પ્રિય તહેવાર
(૪) ભ્રષ્ટાચાર ભગાવો દેશ બચાવો.

.....સમાપ્ત.....

schools.aglasem.com

aglasem.com